# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GSTના તર્કસંગત સુધારાને સ્વતંત્રતા પછીનો સૌથી મોટો સુધારો ગણાવ્યો.

2) આજે દેશભરમાં શિક્ષક દિવસ ઉજવાશે - રાષ્ટ્રપતિ આજે શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરશે.

3) પંજાબ પૂરનો મૃત્યુઆંક વધીને ૪૩ થયો - ૧૯૦૦થી વધુ ગામડાઓ અસરગ્રસ્ત

4) 27મો સરસ આજીવિકા મેળો આજથી નવી દિલ્હીમાં શરૂ- 400 થી વધુ ગ્રામીણ ઉદ્યોગ સાહસી મહિલાઓ ભાગ લેશે.

5) હોકીમાં,ભારતે એશિયા કપ ચેમ્પિયનશિપના મલેશિયા પર 4-1થી જીત મેળવી- ભારત,આવતીકાલે ચીન સામે રમશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ GST ના તર્કસંગત સુધારાઓને સ્વતંત્રતા પછીનો સૌથી મોટો સુધારો ગણાવ્યો છે.

શ્રી મોદીએ કહ્યું કે આ પગલાથી અનેક વસ્તુઓ પરના કર ઘટવાથી મધ્યમ વર્ગને મદદ મળશે. તેમણે કહ્યું કે બ્રેડ સહિત ખાદ્ય પદાર્થો અને જીવનરક્ષક દવાઓ જેવી આવશ્યક વસ્તુઓ પરના કર સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે. અને આ સુધારા નવરાત્રિના પહેલા દિવસથી અમલમાં આવશે. તેમણે કહ્યું કે GST સુધારાઓમાં દેશના અર્થતંત્રના "પંચ રત્ન"નો સમાવેશ કરવામાં આવ્યો છે

(BYTE: PM-PANCHRATNA)

# TEACHERS DAY

આજે દેશભરમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ શિક્ષણવિદ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ પર ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કરશે. આ પ્રતિષ્ઠિત વાર્ષિક પુરસ્કાર એવા ઉત્કૃષ્ટ શિક્ષકોને ઓળખવામાં આવે છે જેમના સમર્પણ અને પ્રતિબદ્ધતાએ શિક્ષણની

ગુણવત્તામાં વધારો કર્યો છે અને તેમના વિદ્યાર્થીઓના જીવન પર ઊંડો પ્રભાવ પાડ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકો સાથે વાતચીત કરી હતી. આ પ્રસંગે બોલતા, શ્રી મોદીએ ભારતીય સમાજ શિક્ષકો પ્રત્યેના કુદરતી આદરની પ્રશંસા કરી હતી, તેમને રાષ્ટ્રનિર્માણમાં એક શક્તિશાળી શક્તિ ગણાવી હતી. તેમણે ભાર મૂક્યો હતો કે શિક્ષકોનું સન્માન કરવું એ માત્ર એક ધાર્મિક વિધિ નથી પરંતુ તેમના જીવનભરના સમર્પણ અને પ્રભાવની માન્યતા છે.

# PUNJAB FLOOD

પંજાબ પૂરનો મૃત્યુઆંક વધીને ૪૩ થયો છે. પૂરની રાજ્યભરના ૧૯૦૦ થી વધુ ગામડાઓ અસરગ્રસ્ત થયા છે.૪ લાખ એકરથી વધુ ખેતીલાયક જમીનમાં પાક ડૂબી ગયો છે અને રાજ્યમાં મૃત્યુઆંક વધીને ૪૩ થયો છે.

પૂરની પરિસ્થિતિનો તાગ મેળવવા માટે પંજાબની મુલાકાતે આવેલા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખાતરી આપી છે કે કેન્દ્ર દ્વારા સરહદી રાજ્યને આ મુશ્કેલીમાંથી બહાર કાઢવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્ય આપત્તિ રાહત ભંડોળ હેઠળ રાજ્ય પાસે ભંડોળ પહેલેથી જ છે. બે કેન્દ્રીય ટીમો કુલ નુકસાનનું મૂલ્યાંકન કરી રહી છે અને બધું જ ધ્યાન રાખવામાં આવશે.

આ દરમિયાન, આમ આદમી પાર્ટીના સાંસદોએ પૂર રાહત કાર્યો માટે MPLADS ભંડોળનો ઉપયોગ કરવાની જાહેરાત કરી છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા.....

(બાઇટ – રાજેશ બાલી)

# HP SIKKIM

**ચાલુ ચોમાસા દરમિયાન હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે મોટા પાયે નુકસાન થયું છે. પ્રાથમિક અંદાજ મુજબ, ચોમાસાના વરસાદને કારણે અત્યાર સુધીમાં લગભગ 3800 કરોડ રૂપિયાની જાહેર સંપત્તિને નુકસાન થયું છે.**

**સિક્કિમમાં પણ ભારે વરસાદ અને ભૂસ્ખલનને મોટા પાયે નુકસાન થયું છે. સાંભળીએ એક અહેવાલ**

**(BYTE: PRABHA SHARMA)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે રાજસ્થાન, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્યપ્રદેશમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

દરમિયાન, ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ અને પશ્ચિમ બંગાળ સહિત ઉત્તરપૂર્વ ભારતમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, બિહાર, હિમાચલ પ્રદેશ અને તેલંગાણામાં ભારે પવન અને વીજળી સાથે વાવાઝોડાની આગાહી પણ કરી છે.

આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઝારખંડ, મરાઠાવાડા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં પણ ભારે વરસાદની શક્યતા છે. આજે દિલ્હી-NCRમાં ભારે વરસાદની શક્યતા છે.

# INDIA -EUROPE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે સંયુક્ત ટેલિફોન પર વાત કરી.

આ નેતાઓએ વૈશ્વિક મુદ્દાઓને સંયુક્ત રીતે સંબોધવામાં, સ્થિરતાને પ્રોત્સાહન આપવા અને પરસ્પર સમૃદ્ધિ માટે નિયમો-આધારિત વ્યવસ્થાને

પ્રોત્સાહન આપવામાં ભારત-યુરોપિયન યુનિયન વ્યૂહાત્મક ભાગીદારીની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(બાઇટ: વૈષ્ણવી)

# SARAS-MELA

27મો સરસ આજીવિકા મેળો આજથી નવી દિલ્હીમાં શરૂ થશે. આ મેળામાં 400 થી વધુ ગ્રામીણ મહિલાઓ ભાગ લેશે. આ વખતની થીમ છે નવી લખપતિ દીદીઓ બનાવવી હેઠળ ગ્રામીણ મહિલાઓને સફળ ઉદ્યોગસાહસિક અને વોકલ ફોર લોકલના ચેમ્પિયન બનવા માટે સશક્ત બનાવવી એજ મુખ્ય ઉદેશ્ય છે.

આ મેળામાં ગ્રામીણ ઉદ્યોગ સાહસિક મહિલાઓ તેમના ઉત્પાદનો વેચવા માટે સુચારું માર્કેટિંગ પ્લેટફોર્મ પૂરું પાડશે.આ લખપતિ દીદીઓના નેતૃત્વ હેઠળનો આ પહેલો મેળો હશે, જેમાં તેમની હસ્તકલા, હાથવણાટ અને ખાદ્ય ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવશે. આ મેળો આ મહિનાની 22મી તારીખ સુધી ચાલુ રહેશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયના સંયુક્ત સચિવ સ્વાતિ શર્માએ જણાવ્યું હતું કે સરસ મેળો મૂળ સાથે ફરીથી જોડાવાનું માધ્યમ છે. તેમણે ઉલ્લેખ કર્યો કે દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ લગભગ 10 કરોડ મહિલાઓ 90 લાખ સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી છે.

# ASIA CUP

હોકીમાં,ભારતે એશિયા કપ ચેમ્પિયનશિપના સુપર ફોર સ્ટેજ મેચમાં મલેશિયા પર 4-1થી જીત મેળવી. ભારત આવતીકાલે સુપર 4 પૂલ સ્ટેજમાં ચીન સામે રમશે.

મનપ્રીત સિંહ, સુખજીત સિંહ, શિલાનંદ લાકરા અને વિવેક સાગર પ્રસાદે એક-એક ગોલ કર્યો. સુકાની હરમનપ્રીત સિંહે ટીમના પ્રદર્શન પર સંતોષ વ્યક્ત કર્યો.

આ જીત સાથે, ભારત હવે ચાર પોઈન્ટ સાથે સુપર ફોર ગ્રુપમાં ટોચ પર છે, જેમાં કોરિયા, મલેશિયા અને ચીન પણ છે. જયારે મહિલા હોકી ટિમ આજે થાઈલેંડ સામે મેચ રમશે.

# GIORGIO-ARMANI-DIES

ઇટાલિયન ફેશન ડિઝાઇનર અને અબજોપતિ બ્રાન્ડના માલિક જ્યોર્જિયો અરમાનીનું 91 વર્ષની વયે અવસાન થયું છે. તેમની કંપની અરમાની ફેશનમાં, પેરફ્યુમ,રમતગમત અને લક્ઝરી હોટલના થકી દર વર્ષે બે અબજ યુરોથી વધુ કમાણી કરે છે.

ફેશન હાઉસે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં તેમના નિધનની જાહેરાત કરી. મિલાનના રેડી-ટુ-વેરના દિગ્ગજ માનવામાં આવતા, જેમણે અનસ્ટ્રક્ચર્ડ લુક સાથે ફેશનમાં ક્રાંતિ લાવી, અરમાની ઇટાલિયન શૈલી અને ભવ્યતાના શિલ્પકાર હતા.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના મોટાભાગના અખબારોએ **GST** કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણયના સમાચારને હેડલાઈનમાં લીધા છે.
- સંદેશનું મુખ્ય શિર્ષક છે.. **GST**- વૈભવી તેમજ હાનિકારક ચીજો મોંઘી થશે....
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે જીએસટી બોનાન્ઝા, મોંઘવારી ઘટશે, બચત વધશે... બજારમાં રોનક આવશે....
- નવગુજરાત સમય લખે છે **GST** સુધારા દેશના અર્થતંત્ર માટે પંચરત્ન- **PM MODI**
- ગુજરાત સમાચારની હેડલાઈન છે લો કરો વાત, કેન્દ્ર રાજ્યના 50 ટકા પ્રધાનો સામે ક્રિમિનલ કેસ !